
અનુપમ
ऋतुवंदना
'ઋતુવંદના'નો કાર્યક્રમ ચિરસ્મરણીય છે...
હજુ પણ મને તાજો તાજો દેખાય છે !
~ સંતભગવંત સાહેબજી

अनुपम
# ऋतुवंदना
## એક ભક્તિરૂપ પ્રયોગ



'પ્રયોગ'નો એક અર્થ સાધના (devotion, Practice) અને અને અનુષ્ઠાન (spiritual endeavour) પણ થાય છે.

વિજ્ઞાનના અભ્યાસમાં થાય છે તેવી જ રીતે, પ્રયોગ કેટલીક પૂર્વધારણા, હેતુ અને સિદ્ધાંતને અનુસરે છે અને પ્રયોગને અંતે કોઈ સાબિતી (conclusion) મળે છે.

ઋતુવંદનાના પ્રયોગમાં એક આખા યુવતી મંડળની ટીમે લગભગ બે મહિના જેટલા સમયમાં પ્રાયોગિક કાર્ય કર્યું.

**હેતુ :** વિવિધ પ્રદેશોમાં રહેતી યુવતીઓ દ્વારા સંતભગવંત સાહેબજીના અમૃતોત્સવ પ્રસંગે એક સાંસ્કૃતિક કાર્યક્રમ લગભગ ૪૦-૪૫ મિનિટના જ મર્યાદિત સમયમાં રજૂ કરવો, જેથી ગુરુ રાજી થાય.

**પડકાર :** વિવિધ નૃત્યો કરતી યુવતીઓ અલગ અલગ પ્રદેશમાં રહેતી હોવાથી અલગ અલગ પ્રૅક્ટિસ કરી શકે તથા તે પ્રૅક્ટિસના સમય દરમિયાન તેમની વિવિધ પરીક્ષાઓ આવે. તમામ યુવતીઓ એક સાથે આ સમૈયા પહેલાં ક્યારેય પ્રૅક્ટિસ ન કરી શકે. માત્ર વિડિયો તથા ઑડિયો ક્લિપ્સની આપ-લે દ્વારા જ સમગ્ર સંકલન થાય.

**પૂર્વધારણા :** આપણે સંપ, સુહૃદભાવ અને એકતાથી સકારાત્મક પ્રયત્નો કરીએ તો આપણાં અતિ મુશ્કેલ લાગતાં કાર્યોને પણ ઈશ્વરીય મદદ મળે અને ગુરુઆજ્ઞાથી થતાં કાર્યોમાં ગુરુના આશીર્વાદથી પ્રભુ મળે.

**પ્રયોગની વિગતો :**

* ભારતની વૈદિક ઋતુઓનું વિવિધ શાસ્ત્રીય તથા લોકનૃત્યો દ્વારા નિરૂપણ કરવું હતું, જેમાં આપણા નાટ્યશાસ્ત્રના નવરસ પૈકી કોઈ એક રસને કોઈ એક ઋતુ સાથે સાંકળીને પ્રત્યેક ઋતુના શાસ્ત્રીય રાગનું સંગીત તેમાં સંયોજીને તે ઋતુ અને રસને સાત રંગ પૈકી કોઈ એક રંગ દ્વારા, તે જ રંગની વેશભૂષા અને રંગમંચ સજ્જા દ્વારા અભિવ્યક્ત કરતાં નૃત્યો રજૂ કરવાં હતાં.

* અનુપમ મિશનના કુલ સાત પ્રદેશોમાંથી પ્રત્યેક પ્રદેશની યુવતીઓને સોંપવામાં આવેલા નૃત્યની પ્રૅક્ટિસ તથા અન્ય વ્યવસ્થાઓની જવાબદારી તમામ મંડળોએ સંભાળી લીધી અને કુલ ૧૨૫ યુવતીઓ, જેમણે આ નૃત્યો રજૂ કર્યાં તેમને સત્સંગી ગૃહસ્થો, પૂ. તૃપ્તિબહેન, પૂ. નીલાબહેન આદિ સૌએ મહત્ત્વની ભૂમિકા નિભાવી પરીક્ષાઓની સાથે સાથે તમામ મંડળના સંચાલકોએ આ નૃત્યોની તૈયારીઓ કરાવી. અરે ! અમદાવાદ મંડળનાં પૂ. શ્રુતિ પાઠકે તો એથીય આગળ વધી પોતાના મંડળને ભાગે આવેલ મયૂર નૃત્યના મુશ્કેલ એવા મયૂરપંખવાળા ડ્રેસની વ્યવસ્થા પણ ખૂબ સરસ કરી લીધી.

* સમૈયામાં જ પહેલીવાર તમામ નૃત્યોની એક સાથે પ્રૅક્ટિસ થઈ.

* ઋતુવંદનાના મંચન વખતે ઉદ્ભવેલી પરિસ્થિત ખૂબ જ પડકારરૂપ હતી. ૧૨૫ યુવતીઓ જેમણે આ નૃત્યો કરવાનાં હતાં તેમને આગલી રાતનો ઉજાગરો હતો. સવારથી તેમણે ઋષિકન્યા બનીને આપણા વિશાળ સપ્તકુંડી યજ્ઞમાં સેવાઓ કરી હતી અને સાંજે આ કાર્યક્રમ રજૂ કરવાનો હતો. તૈયાર થવા માટેની વ્યવસ્થા રંગમંચથી લગભગ અડધા કલાકનો સમય પહોંચતાં લાગે તેટલી દૂર હતી. કાર્યક્રમના સ્થળે પહોંચતા ટ્રાફિકની સમસ્યાને લીધે મોડું થઈ ગયું. કાર્યક્રમ શરૂ થવાની ૨૦ મિનિટ પહેલાં તો શરૂઆતનાં બે નૃત્યની યુવતીઓ પણ પૂરી તૈયાર થઈ શકી નહોતી. તેમનો મૅકઅપ બાકી હતો. આ સ્થિતિમાંય સૌના અંતરમાં એ જ પ્રાર્થના વહેતી હતી... 'હે પ્રભુ ! તારું કાર્ય છે... તારી રીતે કરવું છે... તને રાજી કરવા કરવું છે... તું જ કરાવજે.'

**પરિણામ :** કાર્યક્રમ ખૂબ જ સરસ રીતે રજૂ થયો અને ઋતુવંદનાના કાર્યક્રમને અંતે પ.પૂ. સાહેબજીએ સમગ્ર સંતો તથા મુક્તમંડળ સહિત પોતાના સ્થાન પરથી ઊભા થઈ જઈને તાળીઓ દ્વારા સૌ દીકરીઓની નૃત્યવંદનાને વધાવી લીધી !!!

**તારણ (conclusion) :** પ.પૂ. શાંતિભાઈના આશીર્વાદ પ્રમાણે, સાચે જ ઠાકોરજીએ સમગ્ર કાર્યક્રમ સંભાળી લીધો !!! ઠાકોરજીનાં આ સૌ સ્વરૂપોએ કાર્યો કર્યાં !

**પરિકલ્પના :** પૂ. પૃથાબહેન સોની

**વ્યવસ્થાપન :** પૂ. પૃથાબહેન સોની, પૂ. ઊર્જાબહેન, પૂ. સીમાબહેન

**મંચન :** ૧૨૫ યુવતીઓ

**વિડિયો તથા શાસ્ત્રીય રાગનું સંકલન, સંકલ્પના ફ્લાયર્સ :** પૂ. કનુ પટેલ, પૂ. સુરેશ પટેલ, પૂ. નીમેષભાઈ

**ધ્વનિમુદ્રણ તથા સંકલન :** પૂ. રાહુલભાઈ, પૂ. ઉત્પલભાઈ

**મંચવ્યવસ્થા :** પૂ. સંદીપભાઈ

**પ્રકાશ વ્યવસ્થા :** પૂ. સુનીલભાઈ, પૂ. સંદીપભાઈ, પૂ. કનુ પટેલ, પૂ. પ્રદીપભાઈ

**વેશભૂષા તથા પ્રૉપર્ટીઝ :** પૂ. સુનીલભાઈ, પૂ. ઊર્જાબહેન, પૂ. શ્રુતિબહેન પાઠક, પૂ. નીલાબહેન, પૂ.મેઘા

**મેકઅપ :** પૂ. હિનાબહેન, પૂ. મીરાંબહેન, પૂ. હિરલબહેન, પૂ. દેવાંગીબહેન, પૂ. પ્રિયંકાબહેન, પૂ. રિનલબહેન

**વસ્ત્રસજ્જા :** પૂ. પારુલભાભી, પૂ. અર્પિતાબહેન, પૂ. આશાબહેન, પૂ. વૈશાલીબહેન, પૂ. અમીષાબહેન, પૂ. શિલ્પાબહેન

**આશીર્વાદ અને જતન :** પ.પૂ. શાંતિભાઈ તથા સમગ્ર અનુપમ સત્સંગમંડળ

**પ્રેરણા : સંતભગવંત પરમ પૂજ્ય સાહેબજી**









શરદ નૃત્ય : અંકલેશ્વર મંડળની યુવતીઓ

શિશિર નૃત્ય : ચરોતર પ્રદેશની યુવતીઓ

વર્ષા નૃત્ય : અમદાવાદ પ્રદેશની યુવતીઓ

હેમંત નૃત્ય : મુંબઈ પ્રદેશની યુવતીઓ



ગુરુવંદના નૃત્ય : સુરત મંડળની યુવતીઓ



વસંત નૃત્ય : ધારી મંડળની યુવતીઓ



ગ્રીષ્મ નૃત્ય : વડોદરા-વેમાર પ્રદેશની યુવતીઓ



પૂ. ત્રિલોચનાદીદીનાં સંતભગવંત સાહેબજીને પ્રાર્થનાભાવ અર્પણ



ઋતુવંદનામાં ભાવાર્પણ કરનાર નાનકડી દીકરીઓએ દિલ જીત્યાં અને રાજીપો વરસ્યો

